# Bi 121 Old Testament

## પાઠ : ૧૨ યાકુબનાં બાર પુત્રો (ઉત્પત્તિ ૨૭-૩૧)

યાકુબ અને એસાવ બંને જોડીયા બાળકો હોવા છતાં પણ, જેમ તેઓ મોટા થતાં ગયા તેમ તેમ તેઓ વચ્ચેના વિરોધ વધતો ગયો. તેઓ તેમની માંના ગર્ભમાં પણ લડતા હતા અને જેમ તેઓ મોટા થયા તેમ તેમની વચ્ચેની લડાઈ જારી રહી. એસાવ ઈસહાક્નો પક્ષ ખેંચે તથા યાકુબ તેની માંનો માનીતો દિકરો હતો. તે સ્પષ્ટ હત કે, તેઓ વચ્ચેની લડાઈનો અંત નહોતો. એક દિવસ યાકુબ તેના પિતાન પણ છેતર્યા. કેમકે હવે યાકુબ ઘરડો થયો હતો અને તે અઘિરો પણ થઈ ગયો હતો. યાકુબે પોતાની માંની સહાયથી ઈસહાક પાસેથી પ્રથમજનિત એસાવનાં હિસ્સાનો આશીર્વાદ ચોરી લીધો. યાદ કરો ૧૧મા પાઠમાં યાકુબે એસાવનાં પ્રથમજનિતનાં હકકોને થોડા સ્વાદિષ્ટ ખોરાકનાં બદલામાં તેની પાસેથી લઈ  મજબૂર કર્યો, કારણકે એસાવ ભૂખ્યો હતો. જયારે એસાવને યાકુબનો છેતરપીંડીનાં બારામાં ખબર પડી ત્યારે તે ગુસ્સે થયો અને કહયું કે, "મારા પિતાનાં મૃત્યુ પછી હું યાકુબને મારી નાખીશ, જેથી આ બધી બાબતોનો અંત આવે."

રિબકાહ એસાવનો ઘમકીઓ સાંભળી ત્યારે તેણે યાકુબને કહયું, "તારે હવે અહિથી નાસી જવુ જોઈએ.  તું મારા ભાઈના ઘરે જતો રહે. જયારે એસાવનો ગસ્સો શમી જશે ત્યારે હું તને ખબર આપોશ. શા માટ મારે મારા બંને દિકરાને એક જ દિવસમાં ગુમાવવા જોઈએ ? માટે ત્ જલ્દીથી નાસી જા.

હવે રિબકાહ જાણતી હતી કે યાકુબને તેના મામા લાબાન પાસે મોકલવા માટે ઈસહાકની મંજૂરી જરૂરી હતી અને આથી તે ઈસહાક આ બાબતે સંમત થાય તેવી તક્ની તે રાહ જોતી રહી.

"ઈસહાક, મને આ દેશની યુવતીઓ પસંદ નથી. તો શું એ સારૂં નથી કે આપણા દિકરા યાકુબ માટે આપણા કટુંબીજનોમાંથી યુવતી પસંદ કરીએ ?" તેણે પોતાના પતિને કહયું.

ઈસહાકને આ વિષય પર ચર્ચા કરવાનું ઠીક લાગ્યું નહિ. તેણે યાકુબને બોલાવ્યો અને તેને આજ્ઞા કરી, " હવે ઘ્યાનથી સાંભળ, તારે તારા માટે કનાનીઓમાંથી યુવતી પસંદ કરવી નહિ. પરંતુ તારી માં નાં કુટબીજનો પાસે જા, તથા તારા માટે પત્ની પસંદ કર. જે ઈશ્વરે તારા દાદા ઈબ્રાહિમને તેનાં આશીર્વાદ તથા વચનો આપ્યાં તેને ભુલીશ નહિ."

આમ રિબકાહ તેને માટે ખોરાક તૈયાર કરીને તથા તેને ચુંબન કરીને તેને પોતાના દૂર રહેતા કુટુંબીઓ પાસે વિદાય કર્યો, ત્યારે તે જાણતા ન હતા કે તેનાં પ્રિય પુત્રનું મુખ

હવે તે ફરી જાવાનો નથી.

મુસાફરી દરમિયાન એક સાંજે યાકુબ સૂવા માટે જગ્યા પસંદ કરીને એક પથ્થરને તેણે તકીયા તરીકે મુકયો. રાત્રીના તેણે સ્વપ્નમાં એક ચમકતી સીડી કે જે આકાશ સુધી પહોંચતી હતી તે જોઈ અને દૂતો તેના ઉપર ચડતા તથા ઉતરતા હતા, તથા સીડીના છેડે ઈશ્વર પોતે ત્યાં ઉભા હતા. તેમણે કહયું કે, ''હું ઈબ્રાહિમ તથા તારા પિતા ઈસહાકનો ઈશ્વર છું. હું તને તથા ત ારા વંશજાને આ ભૂમિ આપીશ. આખી પૃથ્વી તેમનાથી આશીર્વાદિત થશે. હું તારી સાથે છુ, ત થા જયાં ફરી તું જઈશ ત્યા હું તને સંભાળીશ. હું તને આ ભૂમિ પર પાછો લાવીશ.

જયારે યાકુબ ઉઠયો ત્યારે તે ખૂબ જ ગભરાયો અને કહયું, ''ઈશ્વર અહિ છે અને મને એની જાણ પણ ના થઈ. આ ઈશ્વરનું ઘર તેમજ સ્વર્ગનું દ્વાર છે.'' આમ તેણે જે પથ્થરને તકીયા તરીકે પસંદ કર્યો હતો તેનાં ઉપર તણે વેદી બાંધી તથા તના પર તેલ રેડયુ. એણે એ જગ્યાનું નામ ''બેથલ'' પાડયું જેનો અર્થ થાય છે, ''ઈશ્વરનું ઘર''.

''જો ઈશ્વર મને સંભાળશે તથા હું સહીસલામત પાછો ફરૂ ત વચનોને દેવ પુરા કરશે તો આ ઈશ્વર મારા ઈશ્વર થશ, અને જે કંઈ ઈશ્વર મને આપશે તેનો દસમો ભાગ હું તેમને અર્પણ કરીશ.'' આમ યાકુબે જાહેર કર્યુ.

આમ યાકુબ સેંકડો માઈલથી મુસાફરી કરીને તેની માં નાં ભાઈ લાબાનનાં દેશમાં આવી પહોંચ્યો. યાબુકે જાણ્યું કે તેનાં મામાને બે દિકરીઓ હતી. મોટી દિકરીનું નામ લેઆહ તથા નાની દિકરીનું નામ રાહેલ હતું અને બંને ખૂબ જ ખૂબસુરત હતી. કેટલાક દિવસો પછી લાબાને યાકુબને કહયું, ''તું શા માટે મારા ખેતરમાં કામ ના કરે, કે જેથી કરીને હું તેના બદલામાં તને જે ઈચ્છા હોય તે આપી શકું ?''

યાકુબે થોડી વાર વિચારીને ઉત્તર આપ્યો, ''હું તારી સાત વર્ષ સુધી સવા કરીશ અને તેના બદલામાં તું મારા લગ્ન તારી દિકરી રાહેલ સાથે કરાવે તો કવુ સારૂ ?'' લાબાન તેની આ વાતથી સહમત થયો. તેથી યાકુબે સાત વર્ષ સુધી લાબાનના ઘેટાં-બકરાની રખેવાળી કરી. રાહેલ પ્રત્યેનાં પ્રમને લીધે યાકુબનાં આ સાત વર્ષો બહુ જ જલ્દીથી પસાર થઈ ગયા. સમય પુરો થયો ત્યારે લાબાને ઘણા લોકોને લગ્ન જમણમાં આમંત્રિત કર્યા. મોડી રાત્રે જયારે બધા લોકો દ્રાક્ષારસ પીને મગ્ન થયા ત્યારે તે પોતાની દિકરીને પરદામાં યાકુબ પાસે લાવ્યો. સવારે જયારે યાકુબ ઉઠયો ત્યારે તેણે રાહેલને બદલે તેની બહેન લેઆહને પોતાની પાસે સૂતેલી જોઈ.

''તે મને છતર્યો છે'' એમ કહીને યાકુબે બ્મ પાડી અને પોતાના તંબુમાંથી બહાર નીકળી ગયો. અને તેણે પોતાના મામાને શોધીને કહયું કે, ''હું રાહેલને ચાહુ છુ તે તું જાણે છ, અને તેને પામવા માટે મેં આ સાત વર્ષ તારી સેવા કરી છે તો ત મારી સાથે આમ કેમ કર્યુ ?''

''આ દેશનાં રિવાજ મુજબ જયાં સુધી મોટી દિકરીનાં લગ્ન ના થાય ત્યાં સુધી નાની

દિકરીનાં લગ્ન થઈ શકતા નથી. લાબાન યાકુબને શાત પાડતા કહયું, "પરંતુ જો હવે મારી પાસે એક વિચાર છે. લેઆહ તારી સાથે પત્ની તરીકે અઠવાડીયું રહે ત્યાર પછી હું રાહેલન પણ તને સોંપી દઈશ. તે પણ તારી પત્ની બનશે. પરંતુ હું મારી બે દિકરાઓ તને તારી પત્ની થવા સારુ સોંપુ છું માટે તારે બીજા સાત વર્ષ મારી સેવા કરવી પડશે." યાકુબની પાસે તેની વાત માન્યા સિવાય કોઈ વિકલ્પ હતો નહિ. આમ સાત દિવસ પછી, તે તેની સાચી પ્રેમિકા રાહેલને પામ્યો. એમ ૧૪ વર્ષ સુધી યાકુબે તેનાં મામાને ત્યાં ચાકરી કરી.

પરંતુ તે સ્વાભાવિક હતુ કે, લેઆહ કરતા રાહેલ ઉપર તે વધુ પિતિ રાખતો હતો. દેવે જોયુ કે લેઆહ નાપસંદ થઈ છે ત્યારે તેણે રાહેલનું ગર્ભ સ્થાન બંધ કર્યુ. લેઆહને આ સમય દરમિયાન ચાર બાળકો થયા. આથી રાહેલને ઈર્ષા થઈ અને તેણે યાકુબને કહયું, "મને પુત્ર આપ અથવા તો હું મરું."

"શું હું ઈશ્વર છુ કે જેણે તને વાંઝણી રાખી છે ? યાકુબે ગુસ્સામાં જવાબ આપ્યો.

આમ થયા પછી રાહેલ એ જ રસ્તો અપનાવ્યો જે ઈસકાહેની માં એ ઈબ્રાહિમ સાથે અપનાવ્યો હતો. તેણે પોતાની દાસી બિલ્હાહને યાકુબને સોંપીને કહયું કે, "તું મારી દાસી સાથે સૂઈજા અને તે મારા માટે બાળક ઉત્પન્ન કરશે. યાકુબ આ વાતે સંમત થયો અને બિલ્હાહ રાહેલ માટે બે પુત્રોને જન્મ આપ્યો.

જયારે લેઆહે જોય્ કે હવે તે પત્રને જન્મ આપવા માટે સમર્થ નથી ત્યારે તેણે તેની દાસી ઝિલ્પાહને યાકુબને સોંપી. આમ યાકુબને બંને પત્નીઓની એકબીજા પ્રત્યેની ઈર્ષ્યા વધતી ગઈ. ઘણા સમય પછી યાકુબને ૧૦ પુત્રો તથા એક પુત્રી થયા. આ સમયે ઈશ્વરે રાહેલ ને એક પુત્ર આપ્યો. તેણે તેનું નામ 'યુસફ' પાડયુ અને તે પોતના પિતાનો પ્રિય પુત્ર બન્યો. ત્યાર પછી યાકુબ લાબાન પાસે આવ્યો ને કહયું કે, "હવે હું મારી પત્નીઓ તથા બાળકો સાથે મારે ઘેર પાછો જવા ચાહુ છું"

"મહેરબાની કરીને અમારાથી દૂર ન જા. કેમકે ઈશ્વરના આત્માએ મને જણાવ્યું છે કે, તારા લીધે ઈશ્વરે મને ઘણો આશીર્વાદ દીધો છે અને તેના બદલામાં તારે જે જોઈએ તે હું તને આપીશ." લાબાને કહયું, કેમકે તે જાણતો હતો કે યાકુબ થકી તે ખુબ જ ધનવાન બની ગયો હતો અને તે એ ગુમાવવા માંગતો નહોતો. લાબાનની નજરમાં તેની દિકરીઓ તેનાં પૌત્રો, પાત્રીઓ, તેમજ ઢોરઢાંક એ બધું જ તેની સંપત્તિ હતી.

આમ યાકુબ ફરીથી છ વર્ષ સુધી લાબાનની ચાકરી કરવા માટે સંમત થયો. યાકુબનું પશુધન વધારે ને વધારે થવા લાગ્યું. જો કે લાબાને તેને દસ વખત તેનાં પગાર (વેતન) વિશેના કરાર માં છેતર્યો. એક વાર તેણે તેનાં સાળાને એમ કહેતા સાંભળ્યો, "યાકુબે જે આપણા પિતા ની સંપત્તિ હતા તેના ઉપર પોતાનો કબજો કરી લીધો છે." તેણે એ બાબતની પણ નોંધ લીધી કે હવે લાબાનનો તેનાં પ્રત્યેનો વ્યવહાર બદલાઈ ગયો છે.

એવા સમયે ઈશ્વરે યાકુબને કહયું, "હવે જે દેશ મેં તારા પિતાને આપ્યો છે તેમાં પાછો જા અને હું તારી સાથે હોઈશ." તેથી યાકુબ ચૂપચાપ, છૂપી રીતે પોતાનો પત્નીઓ, બાળકો તથા તેનાંપશુઓ તથા સામાન અને સંપત્તિ લઈને લાબાન પાસેથી નાસી છૂટયો. ઈશ્વરે યાકુબની ૨૦ વર્ષ સુધી રક્ષા કરી અને તેને ઘણો સમૃધ્ધ કર્યો. પરંતુ, તેને બીજા ઘણા પડકારો જીલવાના હતાં.

આ વાર્તા એ અગત્યની સચ્ચાઈ પ્રગટ કરે છે કે, "ઈશ્વર મુક દર્શક બનો રહતા નથી. વ્યકિત જેવુ વાવે છે તેવુ લણે છે." (ગણના ૬:૭). જો કોઈ છેતરપીંડી કરે છે તો તે પોતે પણ છેતરાય છે. યાકુબનાં જીવનમાં અવું જ બન્યું. કોઈ વ્યકિત અયોગ્ય વર્તન તથા અપવિત્ર બાબતો વડે ઈશ્વરના આશીર્વાદો પામવા માટે તેને ન તો ફરજ પાડી શકે કે ન તો તેનાં તરફથી કોઈ બદલાની આશા રાખી શકે. ઈશ્વર સાથેનો વ્યકિતગત તથા સીઘો સંબંધ જ માનવીને તેનાં આષિશ પ્રાપ્ત કરવા માટેનો એક માત્ર રસ્તો છે.

આ વાર્તાની અગત્યની બાબત એ છે કે ઈશ્વર અસમર્થ તથા બીન કાર્યક્ષમ તથા નબળાં, અપૂર્ણ લોકોને ઉપયોગ કરીને પણ પોતાની યોજનાને સફળ બનાવે છે. ઈશ્વરનાં ન બદલાનાર પ્રેમ તથા સામર્થ્ય થકી તેમાં વચનોને તે ખાત્રીદાયક તથા સંપૂર્ણ કરે છે.

આ પાઠને ફરીથી યાદ કરવા માટે નીચેનાં પ્રશ્નોના જવાબ આપો.

પ્ર.૧ એસાવે યાકુબને શું કહયું કે જેના પરિણામે યાકુબને પોતાની માં ના ઘરેથી ભાગી જવું પડયું ?

(જ) (પ સેકંડ માટે વિચારો) જો તમે કહો છો કે, -" એસાવે કહયું, "મારા પિતાના મત્યુ પછી હું તને મારી નાખીશ" તો તમારો ઉત્તર સાચો છે.

પ્ર.૨ યાકુબને તેના સ્વપ્નમાં તેની સાથે કોણે વાત કરી ?

(જ) (પ સેકંડ માટે વિચારો) જો તમે કહો છો કે,-"ઈબ્રાહિમ તથા ઈસહાકનાં ઈશ્વર" તો તમારો ઉત્તર સાચો છે.

પ્ર.૩ લાબાન પાસેથી નાસી ગયા પછી ઈશ્વરે યાકુબને શું વચન આપ્યું ?

(જ) (પ સેકંડ માટે વિચારો) જો તમે કહો છો કે,- " ઈશ્વરે કહયું, હું તારી સાથે હોઈશ." તો તમારો ઉત્તર સાચો છે.

હવે તમે એવી વ્યકિત પાસે જાઓ કે જેણે આ વાર્તા કદી સાંભળી નથી તેમને અ વાર્તા સંભળાવો અને વાર્તા સાંભળવ્યા પછી તેમને પૂછો, "જો આપણે આપણાં જીવનમાં આગળ વધવા માટે લોકોની છેતરપીંડી કરીએ અને ત્યાર પછી જયારે આપણે મુશ્કેલીમાં હોઈએ ત્યારે આપણા બચાવને માટે ઈશ્વરને વિનંતી કરીએ, તો શું ઈશ્વર આપણને મદદ કરે ?" હા, એવી પરિસ્થિતીમાં પણ ઈશ્વર આપણને મદદ કરે, પરંતુ પ્રથમ, આપણે આપણાં પાપની કબૂલાત કરવી જોઈએ તથા ઈશ્વર પરનાં વિશ્વાસમાં દ્રઢ બનવુ જોઈએ.

આ અભ્યાસને તમે ત્રણ વખત સાંભળો તે તમારૂ ગૃહકાર્ય છે. તમારા મનથી દરેક પ્રસંગો વિચારો ત્યાર બાદ જે તમને યાદ રહયુ તે તમારા શબ્દોમાં વર્ણવો. આ ઘટનાઓ અને બનાવોને સાચી રીતે બીજાને કહી શકો ત્યાં સુધી બરાબર સાંભળો. લગભગ ૪૫ મિનિટ સુધી આ સાંભળવાનું ચાલુ રાખો. તમે કોઈક વ્યકિતને આ બાબત કહી શકવા માટે બીજા વ્યકિતની તમને જરૂરત પડશે. પુનરાવર્તનનાં પ્રશ્નો તમારા મિત્રોને પુછો અને સાંભળ્યા પછી તેમના જવાબો આપો.